નવગુજરાત સમય | અમદાવાદ | બુધવાર | ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૭

**CITY Sports**

# યુનિવર્સિટી કુસ્તી સ્પર્ધામાં નવગુજરાત કોલેજ કેમ્પસના ખેલાડી ઝળક્યા



**નવગુજરાત સમય . અમદાવાદ** : ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે તાજેતરમાં યુનિવર્સિટી જીમ્નેશિયમ હોલ ખાતે વિવિધ કોલેજો વચ્ચે આંતર કોલેજ કુસ્તી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં 26 કોલેજના 74 ખેલાડીએ ભાગ લીધો હતો. જેમાં ભાઈઓના વિભાગમાં શ્રીમતિ એસ. આર. મહેતા આર્ટ્સ કોલેજના કમલેશ યાદવે 65 કિલોગ્રામ વર્ગમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું તો ચિંતામણ માલીએ 74 કિ. ગ્રા. વર્ગમાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. કોલેજના આચાર્ય ડો. દર્શા જાની, અધ્યાપિકા સીમા કાદરી તથા કોચ હનીફરાજ શેખે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.